ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૪ ટકા

# ઘ-૦ પાસે જાહેરમાં કચરો સળગાવાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે તંત્ર દ્વારા કમરકસવામાં આવી રહી છે. સ્વચ્છતાને લઈ તંત્રના અધિકારીઓ રાત દિવસ એક કરી રહ્યા છે. તેમ છતા શહેરના કેટલાક વિસ્તારમાં નગરજનો દ્વારા આડેધડ કચરો ફેંકવાની પ્રવૃતિ કરવામાં આવી રહી છે. ત્યારે સફાઈ કર્મચારીઓ કે નાગરીકો દ્વારા એકઠો થયેલો કચરો જાહેરમાં સળગાવવામાં આવી રહ્યો છે. જાહેરમાં કચરો સળગાવનાર સામે તંત્રએ લાલ આંખ કરવાની તાતિ જરુરીયાત ઉભી થવા પામી છે.

જાહેરમાં કચરો સળગાવી ના શકાય તેવો નિયમ હોવા છતા નગરજનો જાહેરમાં કચરો એકઠો કરી સળગાવી દે છે. નિયમો ને તો નાગરીકોએ નેવે મુકી દીધા છે.




જાહેરમાં કચરો સળગાવતા પર્યાવરણને ભારે નુકશાન પહોંચે છે. ત્યારે ગાંધીનગર શહેરના કહેવાતા શિક્ષિત નગરજનો ગમે ત્યારે ગમે ત્યાં કચરો સળગાવતા નજરે પડે છે. શહેરના ઘ-૦ થી રીલાયન્સ ચોકડી તરફ જવાના માર્ગ પર ટીસીએસ પાસે કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. ગમે ત્યાં કચરો ફેંકવાની કુટેવ ધરાવતા નાગરીકો કચરો વનવિભાગની જગ્યામાં ફેંકી દે છે. આ વિસ્તારની બંન્ને બાજુ પ્લાસ્ટીકનો તેમજ કાગળનો કચરો દેખાય છે. આ સ્થળની આસપાસ રાત્રીના સમયે અસંખ્ય નાના મોટા વેપારીઓ ઉભા રહેતા હોવાથી પણ ગંદકી થતી હોવાના સુર ઉઠવા પામે છે. પોતાનો વિસ્તાર ચોખ્ખો ચણક સાફ સુથરો રાખવા માટે જાહેરમાં કચરો સળગાવતા નાગરીકો તસ્વીરમાં દેખાય છે. નાગરીકોને જાહેરમાં કચરો સળગાવતા આગ અન્ય સ્થળે પ્રસરે તો જવાબદારી કોની તે પણ પ્રશ્ન વિચારતો કરી મુકે છે. ગાંધીનગર શહેરમાં કચરો લેવા માટે તંત્ર દ્વારા ખાસ વાહનો મુકવામાં આવ્યા છે. જે નિયત સમયે અને સ્થળે કચરો લેવા માટે વાહન આવે છે. શહેરી વિસ્તારમાં સાફ સફાઈ પર તંત્ર દ્વારા વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે તંત્ર દ્વારા પુરજોશમાં કામગીરી ચાલી રહી છે, અધિકારી-કર્મચારીઓ રાત દિવસ એક કરી રહ્યા છે. ત્યારે જાહેરમાં કચરો સળગાવતા નાગરીકો સામે તંત્રએ લાલ આંખ કરવાની તાતિ જરુરીયાત ઉભી થવા પામી છે.

## જીવ કલ્યાણ સંસ્થાનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરનો સ્નેહમિલન કાર્યક્રમ આગામી તા. ૧૮ નવેમ્બરને રવિવારના રોજ સાંજે ૫ કલાકે સેકટર-૧ ગાયત્રી મંદિર સેકટર-૧ ખાતે યોજાશે.આ સ્નેહમિલન કાર્યક્રમમાં સૌ સભ્યોને હાજર રહેવા સંસ્થાના મંત્રી બી.ડી. શર્માએ જણાવ્યું છે.

## શિવકથામાં રાત્રે ભકતોએ ડાયરાની મોજ માણી

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ વરીયા પ્રજાપતિ સમાજની વાડી ખાતે આયોજીત શિવકથા શ્રવણ માટે ભકતોની ભારે ભીડ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન જોવા મળે છે. ત્યારે આયોજકો દ્વારા શિવકથાની સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુરુવારના રોજ રાત્રે સંતવાણી ડાયરાનું આયોજન કરાયું હતું. જેમાં લોક સાહિત્યકાર જગદીશભાઈ સવાણી અને ખ્યાતનામ કલાકારોએ ભકતોને ડાયરાની મોજ કરાવી હતી.

## સિવિલમાં સીટી સ્કેન મશીન આવતા સપ્તાહમાં શરૂ થશે

### કરોડો રૂપીયાનું મશીન ત્રણ માસથી પડ્યું છે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ માસથી કરોડો રૂપીયાનું સીટીસ્કેન મશીન ધુળ ખાઈ રહ્યું છે. સિવિલમાં સારવાર અર્થે આવતા દર્દીઓને ખાનગીમાં સીટીસ્કેન કરાવવાની ફરજ પડે છે. ત્યારે સિવિલમાં એક સપ્તાહમાં સીટીસ્કેન મશીન કાર્યરત થઈ જશે તેવા અણસાર મળી રહ્યા છે.સીટી સ્કેન મશીન જે કંપની નું છે તે કંપનીના કર્મચારીઓ બે દિવસમાં હોસ્પિટલમાં આવી મશીનનો ડેમોસ્ટ્રેશન કરાવશે. સીટીસ્કેન મશીન માટે બે અનુભવી ટેકનીશીયનની ભરતી તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે. ત્યારે સીટીસ્કેન મશીન કાર્યરત થતા દર્દીઓ હાશકારો અનુભવશે.

ગુજરાત મેડીકલ કોલેજ બન્યા બાદ પણ પાટનગરની સિવિલ હોસ્પિટલમાં અંદાજીત છેલ્લા ત્રણ વર્ષથી સીટીસ્કેન મશીન નથી. સીટીસ્કેન મશીન ન હોવાથી અકસ્માતગ્રસ્ત દર્દીઓને અમદાવાદ સિવિલ રીફર કરવામાં આવે છે. સામાન્ય ઈજા થઈ હોય તો પણ અમદાવાદ દર્દીઓને જવુ પડતુ હતું. ગરીબ દર્દીઓને સીટીસ્કેનના હજ્જારો રૂપીયા ખર્ચવા પડતા હતા. ત્યારે આરોગ્ય વિભાગે દર્દીઓની રજુઆતને ધ્યાને લઈને ત્રણ માસ અગાઉ ત્રણ કરોડ રૂપીયાથી વધુની કિંમતનું સીટીસ્કેન મશીન સિવિલને સોંપવામાં આવ્યું છે. પરંતુ ત્રણ માસ થવા છતા સિવિલનું સીટીસ્કેન મશીન કાર્યરત થવા પામ્યું નથી. દર્દીઓ સીટીસ્કેનની સેવાથી અળગા રહેવા પામ્યા છે. ત્યારે આવતા સપ્તાહમાં સીટીસ્કેન મશીન કાર્યરત થઈ જતા દર્દીઓને તેનો લાભ મળી રહેશે. સીટીસ્કેન મશીન ઝડપી કાર્યરત થાય તે માટે તંત્ર દ્વારા પુરજોશમાં કામગીરી આરંભાઈ છે.જે કંપનીનું સીટીસ્કેન મશીન હતું તે કંપનીને કાગળ લખી ડેમો માટે જણાવતા તેના કર્મચારીઓ આગામી બે દિવસમાં આવી જશે અને મશીનનો ડેમો બતાવશે.તો બીજી તરફ ડેમો ટેસ્ટ થઈ ગયા બાદ સિવિલ તંત્ર દર્દીઓ માટે સીટીસ્કેન માટે પરવાનગી આપશે. નોંધનીય છે કે સીટીસ્કેન મશીનના રેડીયેશનની ફિકવન્સી નિતિ-નિયમો મુજબ છે કે નહીં તેના માટે ભાભા રીસર્ચ સેન્ટરમાંથી લીલી ઝંડી મળી ગઈ છે તેમ સિવિલમાં ચર્ચાઈ રહ્યું છે. જયારે ભાભા રીસર્ચ સેન્ટરમાંથી એક સપ્તાહમાં સર્ટીફિકેટ સિવિલને સોંપવામાં આવશે તેમ સિવિલના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા સીટીસ્કેન મશીન લોકઉપયોગી બની રહે તે માટેની તૈયારીઓ પુરજોશમાં શરુ કરી દીધી છે.

## ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને રૂપિયા ૧૧ લાખના પેકેજની ઓફર...!!

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ખાતેની ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સીટી ખાતે યોજાયેલા કેમ્પસ ઈન્ટરવ્યુમાં વિદ્યાર્થીઓને રૂ. ૧૧. લાખ સુધીના વાર્ષિક પેકેજ ઓફર થવા પામ્યા છે. આ સાથે કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા

### રૂ.૧૧ લાખનું પેકેજ પામનાર વિદ્યાર્થીઓ

- તનવીર કાઝી
- પ્રેરક ભટ્ટ
- સોતમ ડે
- સિધ્ધાર્થ સંતવાની
- ઝુબેર વ્હોરા
- વૈભવ થોમસ
- અંકીત ધોળકીયા
- પિયુષ કુંમાવત

અભ્યાસક્રમ બાદ પોતાનો સ્વતંત્ર વ્યવસાય ચાલુ કરવામાં આવ્યો છે. જયારે અમુક વિદ્યાર્થીઓએ ઉચ્ચતર અભ્યાસક્રમ માટે વિદેશ જવાનું આયોજન કર્યું છે.

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી દ્વારા સાયબર સિકયુરિટી તથા ડિજીટલ ફોરેન્સિક અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જોબ પ્લેસમેન્ટ એકિટવીટીના ભાગરૂપે કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પસ ઈન્ટરવ્યુમાં ભારતની જાણીતી કંપનીઓ કવોલ કોમ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, સાયનો સિપ્સ, રિલાયન્સ જીઓ, એલ એન્ડ ટી ઈન્ફો ટેક, ડિલોઈટ, કોલગેટ ગ્લોબલ, ઈ એન્ડ વાય, એકિસસ બેંક, એચડીએફસી બેંક, પીડબલ્યુસી વગેરેએ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લીધા હતા અને વિદ્યાર્થીઓને રૂ. ૬.૫૦ લાખથી શરુ કરીને રૂ. ૧૧ લાખ સુધીના વાર્ષિક પેકેજ ઓફર કર્યા હતા.

## મોંઘી સાયકલ ચોરી કરતા બે સૂત્રધારો ઝડપાયા

### ચોરી કરેલી સાયકલો વેચવા નીકળેલા બંને સૂત્રધારોને એસ.ઓ.જીએ દબોચ્યા : ચોરીની ૬ સાયકલ રિકવર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પર આવેલા બોરીસણા હાઈવે ઉપર બે શખ્સો ચોરીની સાયકલ લઈને આ સાયકલ વેચવા જઈ રહ્યા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એસઓજીની ટીમે બન્ને શખ્સોને પકડી પાડયા હતા. અલગ અલગ વિસ્તારોમાંથી આ બંને શખ્સોએ મળીને મોંઘી છ સાયકલો ચોરી કરી હોવાની કબુલાત કરતા એસ.ઓ.જી.ની ટીમે બંને શખ્સોની ધરપકડ કરી ચોરીની તમામ છ સાયકલો રિકવર કરી સઘન પુછપરછ શરૂ કરી છે.




ગાંધીનગર એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પીઆઈ જે.આર કરોતરાની સૂચનાથી તેમની ટીમ ગઈકાલે કલોલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પી એસ આઈ વી. કે. રાઠોડ અને બી.એમ. પટેલની ટીમને સાયકલ ચોરો અંગે માહિતી મળી હતી. એસ.ઓ.જી.ની ટીમને બાતમી મળી હતી કે બે શખ્સો ચોરીની સાઈકલ વેચવા સાઈકલ ઉપર બેસીને બોરીસણા ગામથી કલોલ શહેર તરફ જઈ રહ્યા છે. આ બાતમીના આધારે વોચ ગોઠવીને બોરીસણા ગામ હાઈવે પાસેથી સાઈકલ લઈને જતા સુરેશ ઈશ્વર રાવળ (રહે. નારદીપુર , જોગણીમાતાનું મંદિર પાસે) અને વસંત કાંતિ પ્રજાપતિ(રહે. બોરીસણા, પટેલ પરુ કલોલ) નામના બંને શખ્સોને પકડી પાડયા હતા. તમને પાસેની મોંઘી સાયકલ વિષે પૂછપરછ કરતા કલોલ વિસ્તારમાંથી આ સાયકલ ચોરી હોવાની કબૂલાત કરી હતી. બંનેની સઘન પૂછપરછમાં આ શખ્સોએ મળીને કલોલ પંથકમાં થી બીજી જ પાંચ સાયકલો પણ ચોરી હોવાનું અને તે સાઈકલ સુરેશના ઘરે પડી હોવાનું નિવેદન આપતા એસ.ઓ.જી.ની ટીમે ચોરીની ૬ સાઈકલ સાથે બંનેની ધરપકડ કરી લીધી હતી. બંને સાઈકલ ચોરો સામે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી આરોપીઓ તાલુકા પોલીસને સોપી દેવામાં આવ્યા છે.

## ગાંધીનગરના અમરેલી જિલ્લા પરિવારના સ્નેહમિલનમાં પુરુષોત્તમ રૂપાલા ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ખાતે વસતા અમરેલી જિલ્લાના પરિવારોના સ્નેહમિલન સમારંભ અને વિદ્યાર્થી પુરસ્કાર સમારંભનું તા. ૨૧મી નવેમ્બર બુધવારના રોજ સાંજે ૫ કલાકે સેકટર-૧૨ સ્થિત ઉમિયા માતાજી સંસ્થાના ઉમા ભવન ખાતે આયોજન કવરામાં આવ્યું છે. અમેરલી જિલ્લા પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ભારતના રાજયકક્ષાના કેન્દ્રિય કૃષિમંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલા અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે.

અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટના સ્નેહમિલન તથા વિદ્યાર્થી પુરસ્કાર સમારંભમાં અતિથિ વિશેષ પદે ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી તથા રાજયના પૂર્વ મુખ્ય સચિવ પ્રવિણભાઈ લહેરી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના સન્માન ઉપરાંત ગરબા સ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામ આપી સન્માનવામાં આવશે. કાર્યક્રમ માટે ગાંધીનગરના વસતા અમરેલી જિલ્લાના પરિવારોને આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમના સમાપને સમૂહ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં સભ્યોએ પાસ લઈને આવવું ફરજીયાત છે તેવું સંસ્થાના સંચાલકો દ્વારા જણાવવામાં આવ્યું છે. કાર્યક્રમમાં આયોજિત ગરબા તથા વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ અગાઉથી મોબાઈ ફોન નં. ૯૮૨૪૦૯૯૧૧૬ પર નામ નોંધાવવા જરુરી હોવાનું પણ જણાવ્યું છે.

## સે-૧૦-બીમાં પેરાલીગલ વોલિયન્ટર્સની કાનૂની શિક્ષણ શિબિર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના પેરાલીગલ વોલિયન્ટર્સ દ્વારા ‘કાનૂની સેવા દિવસ ૨૦૧૮’ના ઉપક્રમે સેકટર-૧૦બીના પછાત વિસ્તારમાં કાનૂની શિક્ષણ શિબરનુંઆયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ વિસ્તારના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત રહીશોને ઘરે ઘરે જઈને વ્યકિતગત ધોરણે સ્વયંસેવકો દ્વારા કાનૂની માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.



કાનૂની સેવાના માધ્યમથી આમ જનતામાં જનજાગૃતિ ફેલાવવાની સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન અંતર્ગત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કાનૂની સેવા દિવસની ઉજવણીનું આયોજન તા. ૧૬મી નવેમ્બરે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના મીના બજારની પાછળના વિસ્તારમાં પેરાલીગલ વોલિયન્ટર્સ અનિલ કકકડ, જયરામ સોની, મહેન્દ્ર ચૌહાણ તથા સત્યનારાયણ પાંડેએ કાનૂની માર્ગદર્શન પુરું પાડવાની સેવા આપી હતી. તેમણે નાગરિકોને જેમાં મહિલા, બાળકો અને વરિષ્ઠ નાગરિકો સહિત તમામને મળવાપાત્ર નિઃશુલ્ક કાનૂની સહાયતા, ગુનાનો ભોગ બનનાર વ્યકિતઓને વળતર માટેની પ્રક્રિયા તથા અમલમાં રહેલ યોજનાઓ અંગે શૈક્ષણિક અભિગમ વધારવા પ્રયાસ કર્યા હતા. આ પ્રયાસમાં સ્થાનિક અગ્રણી અને રોશનલાલ તૈલી તથા મીનાબજાર વેપારી મહામડંળના પ્રમુખ રમેશભાઈ ઠકકરે સહકાર પુરો પાડયો હતો.

## વાવોલ બ્રહ્માકુમારીઝ કેન્દ્રનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના વાવોલ ખાતે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની શાખા દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વાવોલની એમ.બી. પટેલ સ્કૂલ ખાતેના પ્રાર્થના હોલમાં યોજવામાં આવ્યો હતો. જેમાં વાવોલ બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રની ૧૮ ગીતા પાઠશાળા સહિત ૪૦૦ બ્રહ્માકુમાર ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ કેન્દ્રના સંચાલિકા રાજયોગીની બી.કે. હંસાદીદીએ પ્રભુ સંદેશ તથા આર્શિવચન પાઠવ્યા હતા.




વિક્રમ સંવત ૨૦૭૫ના વર્ષના નૂતન પ્રારંભ પ્રસંગે આયોજિત સ્નેહમિલન સમારંભમાં બ્રહ્માકુમારીઝના વરિષ્ઠ રાજયોગી બી.કે. મનોજભાઈએ આ પ્રસંગે આંતરિક જયોતિ જગાવી બહારના સર્વ જીવનમાં શ્રેષ્ઠ સત્ય કર્મ દ્વારા પ્રભુ સંદેશ થકી અજવાળુ પાથરવાની શીખ આપી હતી. સ્નેહમિલન કાર્યક્રમમાં જાહેર જીવનમાં કાર્યરત રાજકીય અને સામાજિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સૂર્યસિંહ ડાભી, ગુલાબસિંહ રાજપૂત, શૈલેન્દ્રસિંહ બિહોલા, જીતેન્દ્રસિંહ સોલંકી, જયરાજસિંહ વાઘેલા, અંકિતભાઈ બારોટ, રાકેશભાઈ જાની, વાવોલના અગ્રણી અમરસિંહ ગોલ, યુવા ઉત્સાહી બિલ્ડર દેવેન્દ્રસિંહ ગોલ, મગોડી ગ્રામ પંચાયતના સભ્ય નીતાબા બિહોલા, પંકજસિંહ બિહોલા, એમ.બી. પટેલ સ્કૂલના પ્રિન્સિપાલ નિલેશભાઈ પટેલ, જાગૃતિબેન જાની સહિત શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ માટે પ્રભુ પ્રસાદની સેવા રાજદીપસિંહ બિહોલા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના સમાપને નૂતન વર્ષમાં ઈશ્વરીય રાજયોગ શિબિર યોજવાનો નિર્ધાર વ્યકત કરવામાં આવ્યો હતો તથા હંસાદીદી દ્વારા સમગ્ર વિશ્વ એક જ હોવાના સંદેશ સાથે સ્વર્ગીય દુનિયાના અવતરણ માટે કાર્યરત થવા પ્રેરણા આપવામાં આવી હતી.

## અગોરા મોલ પાસે કારના કાચ તોડીને લેપટોપની ઉઠાંતરી

### ગઠીયાઓએ પાર્કિંગમાં પડેલી ત્રણ કારનાં કાચ તોડયા : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક સરદાર પટેલ રિંગરોડ પર આવેલા અગોરા મોલ પાસે પાર્કિંગમાંથી બે દિવસ પહેલા એક કારનો કાચ તોડીને ગઠીયો લેપટોપ ઉઠાવી ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. અમદાવાદનાં રામોલ વિસ્તારમાં રહેતા કાર ચાલક મહોમંદનીફ સૈયદે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ કાર માલિક અનોખાબેન ડામોરના પરિવારને લઈને અગોરા મોલ ખાતે આવ્યા હતા. ગુરુવારે સાંજે પોણા સાત વાગ્યે તેઓ મોલમાં ગયેલા અને પરિવાર રાત્રે ૧૧ વાગ્યાના સુમારે બહાર આવ્યુ હતુ. ત્યારે જોયું કે કારની ડ્રાઈવર સાઈડનો પાછળનો કાચ તુટેલો છે. તપાસ કરતાં કારમાંથી અનોખાબેનનું રૂ.૨૦ હજારની કિંમતનું લેપટોપ ગાયબ હતું. નોંધનીય બાબત એ છે કે તે જ સમયે ત્યા અન્ય બે કારના પણ કાચ તુટેલા હતા. મોડી રાત થઈ ગઈ હોવાથી આ પરિવાર ઘરે જતો રહ્યો હતો અને શુક્રવારે સવારે અડાલજ પોલીસ સ્ટેશનમાં આવીને કારચાલકે ફરિયાદ નોંધાવી હતી. કારચાલકની ફરિયાદના આધારે અડાલજ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ મેળવીને ચોરો સુધી પહોંચવા વધુ તપાસ આરંભી છે.

## ચિરવિદાય

- સ્વ. રાજુજી ઉદાજી ઠાકોર, ઉ.વ. ૪૧
- સ્વ. લક્ષ્મીબેન કનુભાઈ સોલંકી, ઉ.વ. ૬૦
- સ્વ. પુષ્પાબેન બાબુભાઈ મકવાણા, ઉ.વ. ૧૮
- સ્વ. સાબુભાઈ કાળીદાસ દેવીપુજક, ઉ.વ. ૫૭
- સ્વ. બેનીબેન પુંજીરામ પ્રજાપતિ, ઉ.વ. ૧૦૫
- સ્વ. તખુજી શિવાજી ઠાકોર, ઉ.વ. ૫૪